

# શ્રી ગૌતમ સ્વામીના પૂર્વભવો



ભાવાનુવાદ કર્તા

પ. પૂ. વિશદવકતા આ. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ.સા.

# યુગદિવાકર પ.પૂ.આ.દે. શ્રી વિ. ધર્મસૂરીશ્વરજી મ.સા.



## યુગદિવાકર પ.પૂ.આ.દે. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.

## જન્મ શતાબ્દિ વર્ષ નિમિત્તે

# શ્રી ગુરુચરણે કુસુમાંજલી

*''ગુણથી ભરેલા ગુણિજન દેખી, હૈયું મારું નૃત્ય કરે;*
*એ સંતોના ચરણ-કમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે...''*

ગુણથી ભરેલા ગુણીજનોનો કોઈ પાર હોતો નથી. અનાદિ અનંત આ સંસારમાં પ્રથમથી કોઈ સર્વગુણ સંપન્ન હોતું નથી. શ્રી તીર્થંકર દેવ જેવા સર્વોત્તમ આત્માને પણ અપૂર્વ અને અનન્ય સાધનાની પૂર્ણાહુતી બાદ સર્વગુણ (અનંતગુણ) સંપન્નતા પ્રગટે છે. ગુણજ્ઞ અને ગુણગ્રાહી આત્મા માટે જ ગુણો, ગુણ સ્વરૂપે હોય છે. જે જીવ આ જન્મ દોષગ્રાહી જ છે તેને માટે તો ગુણમાત્ર દોષ સ્વરૂપે જ પરિણમે છે.

સામાન્ય રીતે સંસારમાં સુક્ષ્મ નિગોદથી લઈને સિદ્ધ ભગવંત પર્યંત સ્વ સ્વરૂપે સર્વ આત્માઓ સમાન છે તો પણ સર્વાત્મ સમાનતામાં પણ કેટલાક મહા પાવન આત્મામાં સર્વ આત્મા કરતા મોક્ષ માર્ગોપદેશરૂપ કોઈ અજોડ ઉપકારીતાની યોગ્યતા રહેલી જ હોય છે અને એવા આત્માઓ ફક્ત બે જ મહાપુરુષોના હોય છે. શ્રી તીર્થંકર દેવના તથા શ્રી ગણધર દેવના.... આ વિશ્વમાં સર્વોત્તમ પદાર્થ અતિ અલ્પ હોય છે. તેમ શ્રી તીર્થંકર દેવના તથા શ્રી ગણધર દેવના આત્માની સંખ્યા અત્યંત અલ્પ છે... અબજોના અબજો માનવોમાં શ્રી તીર્થંકર દેવોના આત્માઓ ફક્ત ૨૪ અને શ્રી ગણધર દેવોના આત્માઓ પણ ફક્ત ૧૪૫૨ જ હોય છે. એક અવસર્પિણી અને એક ઉત્સર્પિણી કાળમાં આ પ્રમાણે જ હોય છે.

પ્રભુ શ્રી મહાવીર દેવ પછી બીજા નંબરે શ્રી ગૌતમ ઈન્દ્રભૂતીની મહાયોગ્યતાની આપણે પ્રભુ વીર શાસનના પ્રથમ પટ્ટધર પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીના શ્રી મુખેથી શ્રી ભગવતીજીના મૂળ સૂત્રપાઠ દ્વારા જોઈએ. ભલે અનેક ભવો પછી, પણ લાયક આત્માઓની લાયકાત (બહાર) આવ્યા વિના રહેતી જ નથી.

પતનોત્થાનરૂપ કર્મરાજાની અતિ ભયાનક કસોટીઓમાંથી અચલપણે પસાર થયા વિના ''જેમ સુવર્ણને અત્યંત પીગળાવ્યા વિના તે પરમ શુદ્ધ કાંચન બનતું જ નથી'' તેની જેમ જ અનંતા ભવભ્રમણ પછી જ મંગલમય આત્માની મંગલમયતા પ્રગટે છે. હવે, આપણે શ્રી ગૌતમસ્વામીની મંગલમયતા પંચમ ગણધરદેવ શ્રી સુધર્માસ્વામીના શબ્દોમાં જોઈએ...

તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય શ્રી સકલ સંઘના નાયક ગૌતમ ગોત્રવાળા, સાત હાથની કાયાવાળા, ઉત્તમ સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા, સર્વોત્તમ વજ્રઋષભનારાચ સંઘયણવાળા, કમળની કેશરા જેવા, ગૌર વર્ણવાળા, સુવર્ણરંગી કાયાવાળા, બીજાથી ન આચરી શકાય તેવા ઉગ્ર તપવાળા, અસંખ્ય અને અનંતભવના કર્મોને બાળી નાંખવા જેવા જાજવલ્યમાન તપવાળા આત્મામાંથી કર્મને સંપૂર્ણપણે છુટા પાડી નાખવા સમર્થ એવા ઉગ્ર તપવાળા, આલોક-પરલોકની કોઈ ઈષ્ટ વસ્તુની ઈચ્છા વગરના તપવાળા, પ્રધાન તપવાળા, પરિસહ અને ઈન્દ્રિયોરૂપી શત્રુના સમુહને વિનાશ કરવામાં નિર્દય એવા ઘોર તપવાળા, બીજા ન પામી શકે તેવા ઘોર ગુણવાળા, અલ્પ પુણ્યવાળા જીવોથી આચરી ન શકાય તેવા બ્રહ્મચર્યવાળા, જેમણે શરીરના સંસ્કારનો સર્વથા ત્યાગ કર્યો છે એવા, શરીરમાં લીન બનીને રહેલી છતાં પણ સાત ગામને બાળી નાંખવાની શક્તિ વાળી વિશિષ્ટ પ્રકારના તપ વડે પ્રાપ્ત થતી તેજોલેશ્યા લબ્ધિવાળા, સંપૂર્ણ ચૌદ પૂર્વધારી, સર્વ અક્ષરના સર્વ સંયોગોને (સંબંધ) જાણનારા, ચાર જ્ઞાનના ધારક, વિનયની સાક્ષાત મૂર્તિ સમાન, પરમાત્મા મહાવીરથી બહુ દૂર નહી, બહુ નજીક નહીં તેમ વિચરવાવાળા, શુકલધ્યાનમાં મગ્ન, સર્વોત્તમ તપ અને સંયમ વડે આત્માને ભાવતા થકા વિચરે છે.

લાખો-કરોડો લોકોનું મંગલ કલ્યાણ ઈચ્છનાર ગુરુ ગૌતમ સ્વામીના **છ ભવો**નું આ લઘુ પુસ્તકમાં આલેખન કરવામાં આવેલું છે.

**- કનકરત્નસૂરી**

SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA

# શ્રી ગૌતમ સ્તુતિ અષ્ટક

ગૌતમ ગુરુને નિત્ય સમરીએ, ચરણ કમલમાં વંદન કરીએ,
ગુણવંતા ગુરુ ગૌતમ ધ્યાવો, ભાવે નમતાં પાપ ખપાવો... ૧

સહુ મળી ઉઠી નિત્ય પ્રભાતે, નામ સમરતા અતિ ઉલ્લાસે,
જસનામે સહુ મંગલ પાવે, આઠમે ભવે ભવિ મોક્ષ સિધાવે... ૨

મહાવીર ગૌતમ પાવન જોડી, ભવની પ્રીત છુટે નહિ છોડી,
ગિરુઆના ગુણ ગિરુઆ ગાવે, ગુરુગુણ ગાતા શિવ સુખ પાવે... ૩

ભવિજન મંગલ કરવા કાજે, લીધું હતું સંયમ ગુરુરાજે,
સમકિત આપી લાખ ઉગાર્યા, સહસ પચાસને ભવથી તાર્યા.... ૪

લબ્ધિકારણ સહુ લોક ઉપાસે, કોઈક શિવપદને અભિલાષે,
સ્વારથીયા સહુ લોક જગતના, લોંટે ન લાલા લાભ વિનાના... ૫

સ્વાર્થ છતાં ગુરુ શુદ્ધ પ્રભાવે, રાગ વિજય કરી આત્મ સુહાવે,
સાધક નિજમાં ગુરુગુણ લાવે, પયમાં સાકર સહજ મિલાવે... ૬

ગુરુગુણ ગાવો ધૂન મચાવો, મનમંદિરમાં ગુરુ પધરાવો,
માનવ ભવનો લહીએ લ્હાવો, ફરી નહિં મળશે અવસર આવો... ૭

ગુરુ પદવાસી છટ્ઠ ઉપવાસી, શિવસુખ વરવાના અભિલાષી,
ભાગ્ય ઉદય કરવા મેવાસી કનક, ધર્મગુરુચરણ નિવાસી... ૮

**કર્તા :- પ. પૂ. આ. દે. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ.સા.**

# શ્રી ગૌતમસ્વામીનો ટૂંકો પરિચય

| | | |
|---|---|---|
| **દેશ** | : | મગધ |
| **ગામ** | : | ગુબ્બર |
| **નામ** | : | ઈન્દ્રભૂતિ |
| **માતા** | : | પૃથ્વી |
| **પિતા** | : | વસુભૂતિ |
| **જાતિ** | : | બ્રાહમણ |
| **ગોત્ર** | : | ગૌતમ |
| **શરીર** | : | સાત હાથ |
| **વર્ણ** | : | સુવર્ણ જેવો |
| **આયુષ્ય** | : | ૯૨ વર્ષ |
| **વ્યવસાય** | : | વાદ-યજ્ઞ |
| **શિષ્યો** | : | વિપ્ર પાંચસો |
| **શંકા** | : | આત્મા સ્વતંત્ર અને શાશ્વત છે કે નહિં? |
| **ગુરુ** | : | શ્રી મહાવીર પ્રભુ |
| **પ્રભુ સાથે મિલાપ** | : | મહાસેન ઉદ્યાન |
| **પદવી** | : | પ્રથમ ગણધર |
| **લબ્ધિ** | : | અનંત |
| **દીક્ષા** | : | ૫૦ મે વર્ષે |
| **દીક્ષા પર્યાય** | : | ૩૦ વર્ષ છદ્મસ્થ |
| **જ્ઞાન** | : | ચૌદ પૂર્વના જ્ઞાન સાથે અવધિ જ્ઞાન અને મનઃપર્યવ જ્ઞાનના ધારક |
| **કેવલજ્ઞાની** | : | ૧૨ વર્ષ વિચર્યા |
| **કુલ દીક્ષા પર્યાય** | : | ૪૨ વર્ષ |
| **નિર્વાણ/મોક્ષ** | : | વૈભારગિરિ |

(જય જય આરતી આદિજિણંદા)

# ભગવતી પદ્માવતી માની આરતી

જય જય આરતી માત તુમારી,
ભગવતી પદ્માવતી સુખકારી

**પહેલી** આરતી પાર્શ્વપ્રભુના,
ભક્તિ વત્સલ છો ભક્તજનોના। જય જય-૧

**દુસરી** આરતી-નિત્ય નિત્ય કરતા,
પ્રભુ ભક્તોના સંકટ હરતાં। જય જય-૨

**તિસરી** આરતી તુજગુણ ગાવે,
સુરવર નરવર મળી બહુભાવે। જય જય-૩

**ચોથી** આરતી ચાર ભુજાળાં,
જિન શાસનના છો રખવાળા। જય જય-૪

**પંચમી** આરતી પંચમ કાળે,
પંચમગતિ મારગ અજવાળે। જય જય-૫

**છઠ્ઠી** આરતી સમકિતવંતા,
ઈન્દ્રાણી છો ધરણ પતિના। જય જય-૬

**સાતમી** આરતી સપ્ત ભય ટાળે,
સુંદર સાત ફણા શિર ધારે। જય જય-૭

**આઠમી** આરતી આનંદકારી,
સંઘ સકલને મંગલકારી જય જય-૮

**નવમી** આરતી નવ નિધિ આપે,
અંકુશ - પાશ -કમલ -ફળ હાથે, જય જય-૯

માની આરતિ જે કોઈ ગાવે
સુખશાંતિ જય દોલત પાવે, જય જય-૧૦

ભણતાં સુણતાં એ રઢીઆળી
તસ ઘર હોવે નિત્ય દિવાળી... જય જય-૧૧

**કર્તાઃ** કનકરત્નસૂરિજી મ.સા.

# શ્રી ગૌતમ સ્વામી મહારાજાના છ પૂર્વભવો

શ્રી સિદ્ધાર્થ રાજાના કુળને વિશે સૂર્ય સમાન, ભવ્ય જીવોને પ્રતિબોધ કરનારા તેમજ મોહ આદિ શત્રુઓનો નાશ કરનારા, શ્રી વર્ધમાન જિનેશ્વર પ્રભુને હું વંદન કરૂં છું. ૧

શ્રી ગૌતમાદિ અગીયારેય ગણધરો, જેઓ દ્વાદશાંગીને ધારણ કરનારા છે અને મહા બુધ્ધિમાન છે. તેમને પણ હું ત્રિકરણ યોગે વંદન કરૂં છું. ૨

સાક્ષાત્ આગમની મૂર્તિ સમા, આગમોનો ઉધ્ધાર કરનારા, અદ્ભૂત એવા શ્રી આનંદસાગરસૂરીશ્વરજીને પણ હું નમન કરૂં છું. ૩

મારા પરમોપકારી, સંસાર સાગરના ભયને નિવારણ કરનારા, ઉત્તમ વિવેકી પુરૂષોને પરમ વંદનીય એવા શ્રી ક્ષમાસાગર ઉપાધ્યાયજીને પણ હું વંદન કરૂં છું. ૪

પવિત્ર અને સુંદર વાણીના વૈભવને આપનારી, શ્રી ભારતી માતાનું ધ્યાન કરીને, શ્રી ઈન્દ્રભૂતિના પૂર્વભવોના વૃત્તાન્તને હું કહું છું. ૫

શ્રી ગણધર દેવનું આ ચરિત્ર, જે કુશાગ્ર બુધ્ધિમાનોનો વિષય છે, તેઓને જ કહેવા યોગ્ય છે. જે મહાગહન છે તેને બાળક એવો હું સંપૂર્ણ કહેવા માટે અસમર્થ જ છું. ૬

તો પણ અબૂઝ બાળકની જેવી મારી આ ચપળતાને માટે, જો કે હું ભક્તિથી પ્રયત્ન કરી રહ્યો છું, તો પણ સર્વ બુધ્ધિ નિધાનો મારી ભૂલો બદલ મને ક્ષમા આપજો. ૭

ચાણસ્મા ગામના ભંડારમાં રહેલા જીર્ણ પત્રો ઉપરથી તેના અનુસારે, શ્લોક બધ્ધ રીતે આ ચરિત્ર હું કહું છું. ૮

ગુરૂ ભગવંતશ્રીના મુખેથી સાંભળેલું કે, શ્રી વીર પ્રભુ જ્યારે અઢારમાં ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ રૂપે હતા ત્યારે, શ્રી ગૌતમનો આત્મા તેમના સારથી રૂપે હતો, તે જ શ્રી ગૌતમના આ બીજા ભવો છે. ૯

તે શ્રી ગૌતમનો બીજાઓ સાથેનો સંબંધ છે, તેનો હું વૃત્તાન્ત કહીશ, વર્ણવીશ. કે ઉચ્ચ સંસ્કારવાળા જીવનું પણ, કર્મની વિચિત્ર ગતિથી કેવી રીતે અધઃપતન થાય છે. ૧૦

શ્રી વીર પ્રભુએ ગૌતમને કહ્યું, જુઓ ગૌતમ તમારો જે પૂર્વભવનો પરમમિત્ર સ્કંદક નામે છે તે આવી રહ્યો છે. ૧૧

જેવી રીતે પૂર્વભવમાં શ્રી ગૌતમસ્વામી મ. ની સાથે સ્કંદકનો સંબંધ થયો, તે સંક્ષેપમાં હું કહું છું. ૧૨

સાતક્ષેત્રો વડે કરીને સુશોભિત એવા જંબુદ્વિપ નામના મહાદ્વિપને વિશે તેમાં પ્રવર્તતું મહાવિદેહ ક્ષેત્ર, તેમાં પુષ્કલાવતી નામની વિજય છે. ૧૩

તે વિજયમાં લક્ષ્મીથી સહિત બ્રહ્મવર્ત નામનો દેશ છે, જેમાં વર્તતા મનુષ્યને હમેશાં કેવળજ્ઞાની ભગવંતનો સમાગમ થાય છે. ૧૪

બરાબર તે દેશની (બ્રહ્મવર્તની) દક્ષિણ દિશામાં, સિતોદા નામની નદીની નજીકમાં, ઉત્તમ પ્રકારનું જિનેશ્વરોનાં મંદિરથી સુશોભિત, બ્રહ્મપુર નામનું મહાનગર છે. ૧૫

સર્વ પ્રકારની સમૃધ્ધિઓથી યુક્ત, લાખો કરોડો માણસોની વસ્તીવાળું, દેવનગરની જેવું તે નગર જણાય છે, તે નગરમાં ભીમ અને કાન્ત નામના રાજવીય ગુણોથી યુક્ત, બ્રહ્મચંદ્ર નામનો રાજા છે. ૧૬

દુષ્ટજનોની શિક્ષા અને સજ્જનોનું પાલન, એ જ રાજાનો મુખ્ય ધર્મ છે. તેના વડે કરીને પ્રજાપાલ નામે પ્રખ્યાત થયેલો, રાજા પોતાના ધર્મ પાલનની સાથે રાજ્ય કરતો હતો. ૧૭

તે રાજાને શીલરૂપી અલંકારને ધારણ કરવાવાળી, બ્રાહ્મી નામની પટ્ટરાણી હતી, તે મહારાણીને ગુણોનો ભંડાર અને સદાચારી એવો, બ્રહ્મદત્ત નામનો પુત્ર હતો. ૧૮

એ જ બ્રહ્મપુર મહાનગરમાં મંગલ શેઠ નામે મોટો ધનવાન વ્યાપારી હતો, તે બધાયનો વિશ્વાસ પાત્ર અને વ્યવહાર કાર્યમાં અતિ ડાહ્યો હતો. ૧૯

તે વેપારી શ્રાવક ધર્મમાં ખુબ જ શ્રદ્ધાળુ, પાપથી ડરવાવાળો, વિવેકી, હંમેશાં ઉદાર, રાજ માન્ય અને કરૂણા રસના સમુદ્ર જેવો હતો. ૨૦

તેના, વ્યાપારમાં ૬૪ કરોડ રૂપિયા, જુદી જુદી કળાઓમાં ૬૪ કરોડ રૂપિયા અને તેના ભંડારમાં ૬૪ કરોડ રોકાયેલા હતા, તથા હાથી-ઘોડાઓ વિગેરેની બીજી પણ તેને અનુસારે સંપત્તિ હતી. ૨૧

તે મંગલશેઠને ઉત્તમ પ્રકારના ધર્મનો આરાધક, સુધર્મા નામે એક મિત્ર હતો. સમાન ધર્મના કારણે બન્ને જણા પરસ્પર અત્યંત પ્રેમાળ બની ગયા હતા. ૨૨

તે બન્ને જણા માતા-પિતા વગેરે પૂજ્ય પુરૂષોનો હંમેશાં વિનય કરવાવાળા, ગુરૂ ભગવંતની પૂજા કરવાવાળા, અને જિનેશ્વર ભગવંતની વાણીને હંમેશાં સાંભળવાવાળા હતા. ૨૩

બન્ને સાથે ત્રિકાળ દેવ-વંદન, જિનેશ્વર ભગવંતની મૂર્તિના દર્શન અને પૂજા, પર્વતિથિ દિવસે પૌષધ અને છ એ આવશ્યક્નું આરાધન હંમેશાં કરવાવાળા હતા. ૨૪

ભક્તિથી તીર્થ યાત્રા કરવા જવાનું, સાધર્મિકની ભક્તિ, સત્કારપૂર્વકની ભક્તિ અને શ્રાવકની કરણી એનું સ્મરણ બન્ને મિત્રો એક સાથે કરતા હતા. ૨૫

ગ્રહસ્થ જીવનને યોગ્ય સત્કાર્યોને કરતા, બન્ને, શુભ અને એક ચિત્તવાળા હોવાથી તે બન્નેના દિવસો, ધર્મધ્યાનમાં પસાર થઈ રહ્યાં હતા. ૨૬

મંગલશેઠ ધનવાન છે જ્યારે સુધર્મા સામાન્ય જન છે, પરંતુ સાધર્મિક પણાના સંબંધથી જ મંગલશેઠ હંમેશાં તેના સહાયક બને છે. ૨૭

હવે એક દિવસ પૂર્વ કર્મના ઉદયથી મંગલશેઠ રોગથી અત્યંત દુઃખી થયા, ઔષધ વગેરેના ખૂબ ઉપાયો કરવા છતાંય તે સફળ ન થયા. ૨૮

પરંતુ અશુભ કર્મના ઉદયથી તેના શરીરમાં રોગ ઘણો વધવા લાગ્યો, જ્યારે રોગ વધતો જ ચાલ્યો ત્યારે, શેઠને આત્માના કલ્યાણ માટે વિશેષ ભાવ જાગ્યો. ૨૯

અત્યંત દુર્લભ એવા મનુષ્ય જન્મને સફળ કરવા, હું હજી વધારે ધર્મ આરાધના કરૂં, એવો નિશ્ચય કરીને શેઠે, પોતાના સર્વ સ્વજનોને બોલાવી એકઠા કર્યા. ૩૦

અતિ હર્ષથી બધાયને પ્રીતિ ભોજન વગેરે આપી, સત્કાર સન્માન કરી બધાયની સાક્ષીમાં પોતાના ઘરનો વ્યાપારનો સર્વભાર, (જવાબદારી) પોતાના પુત્રને સંપૂર્ણ સોંપી દીધો. ૩૧

પછી પોતે મનમાં જે વિચાર્યું હતું તે, તે સમયે બધાયની સન્મુખ જાહેર કર્યું કે હવે મારા જીવનનો અન્તિમ સમય આવ્યો જણાય છે, પરંતુ કયા ક્ષણે તેની ખબર નથી. ૩૨

તેથી તમને હું અનશન કરવા માટેની મારી ભાવના છે. તેનું નિવેદન (વિનંતી) કરૂં છું, કારણ જીવને સદ્ગતિ માટે ધર્મ એ એક જ સાધન છે સહાયક છે. ૩૩

એમ સર્વ સ્વજનો સમક્ષ જણાવી પોતાના મનમાં શ્રી અરિહંતાદિ ચારેયનું શરણ સ્વીકારી, ચારેય પ્રકારના આહારના ત્યાગનું, સ્વયં પોતાની જાતે પચ્ચક્ખાણ કર્યું. ૩૪

અને પ્રત્યેક ક્ષણે શ્રી નવકાર મહામંત્રનું શુભભાવથી સ્મરણ-ધ્યાન કરે છે, પણ તે વખતે અતિ સખત ગરમીનો જેઠ મહિનો ચાલે છે. ૩૫

તેમની અતિ દુષ્કર એવી આરાધના જોઈ, બીજા બધાય શ્રાવકો અત્યંત આશ્ચર્ય પામતા મંગલ શેઠની ખૂબ પ્રશંસા કરે છે કે, શેઠને ખૂબ-ખૂબ ધન્યવાદ આપે છે. શેઠ મહાન પુણ્યશાળી છે, વગેરે. ૩૬

શુભ ભાવથી તે શ્રાવકો સર્વે શેઠની આરાધનાથી પ્રભાવિત થઈ, ધર્મમાં વધુ મજબુત થયા અને યથાશક્તિ, અભક્ષ્ય તેમજ રાત્રી ભોજનાદિકનો તેઓએ પોતે પણ ત્યાગ કર્યો. ૩૭

હવે કેટલાક દિવસો શાન્તિથી ધર્મધ્યાનમાં પસાર થયા પછી, મંગલશેઠ એક રાત્રે અત્યંત તરસ્યા થયા અને અતિપિડાથી મનમાં દુર્ધ્યાન કરી વિચાર્યું કે, તે જળચર જીવોને ધન્ય છે. ૩૮

જેઓ પોતાની ઈચ્છા પ્રમાણે જ્યાં હંમેશાં જળ પીવે છે, તેમજ જે લોકો ખૂબ તરસ્યા માણસોને હંમેશાં પાણી પાય છે તેને પણ ખૂબ ધન્યવાદ છે. ૩૯

વળી જેમણે ઠેક ઠેકાણે પુણ્યને માટે વાવ, કુવા, તળાવો વગેરે બનાવડાવ્યા છે તે ધર્મિજનોને મારા વારંવાર નમસ્કાર હો. ૪૦

અરે મને અહિં મારા કુટુંબીજનો પણ કોઈ, પાણી પાતા નથી અને પાણી માંગવામાં મને શરમ થાય છે, આ વાત હું કોની પાસે કહું. ૪૧

તે વખતે શુધ્ધ શ્રધ્ધાથી યુક્ત પણ તરસથી અતિશય પીડાયેલા એવા શેઠ, પાંચમાં ગુણસ્થાનકથી નીચે પડી, પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાને ઉતરી ગયા. ૪૨

અને તીવ્ર દુર્ધ્યાનમાં રહેલા મંગલશેઠે, પહેલા કોઈ ગતિનું આયુષ્ય બાંધેલું નહિ હોવાથી, ત્યાં જ તિર્યંચ જળચરનું આયુષ્ય બાંધી લીધું, ખરેખર કર્મની ગતિ ખૂબ જ વિચિત્ર છે. ૪૩

મંગલશેઠ પાપની આલોચના કર્યા વગર પોતાનું શરીર છોડીને મરણ પામીને, દુર્ધ્યાનના પ્રભાવે નદીમાં મોટા મહા મગરમચ્છ તરીકે ઉત્પન્ન થયા. ૪૪

તે મંગલ નામનો મગરમચ્છ તે નદીમાં રહેલા નાના નાના માછલાઓનું ભોજન કરે છે, એક દિવસ ફરતા ફરતા જિનેશ્વર ભગવંતની મૂર્તિના આકારનું માછલું જોઈને, તેણે આ પ્રકારનો વિચાર કર્યો. ૪૫

કે મનને આનંદ આપવાવાળું આવા પ્રકારવાળું સ્વરૂપ મેં, પહેલા કર્યાંક જોયું છે, એ પ્રમાણે વારંવાર વિચાર કરવા લાગ્યો, અને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ૪૬

અને જાતિસ્મરણમાં પોતાનો સંપૂર્ણ ભવ મંગલશેઠ તરીકે નો જોયો અને મનમાં ખેદ ઉત્પન્ન થયો, પામેલો ધર્મ હારી ગયો, આવી ભગવાનની મૂર્તિની ઘણી વખત મેં પૂજા કરી છે. ૪૭

છતાં પણ ધર્મની વિરાધના કરવા વડે હું, પાપના ઉદયથી માછલા તરીકે જન્મ્યો, પરંતુ ‘‘જાગ્યા ત્યારથી સવાર’’ એ ન્યાયે, હવે હું ફરી ધર્મની આરાધના કરૂં જેથી સદ્ગતિનો ભાગી થાઉં. ૪૮

ત્યાર પછી એ મંગલ શેઠે મત્સ્ય સ્વરૂપમાં માછલા ખાવાનું બંધ કર્યું (ભક્ષણ છોડીને) શ્રાવકના વ્રતોને ધારણ કર્યા, અને એ મગરમચ્છ એકાગ્ર ચિત્તવડે કરીને, હંમેશાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી રહ્યો છે. ૪૯

આ તરફ સુધર્મા નામનો વણિક કોઈ સાર્થવાહની સાથે, ધનનું ઉપાર્જન કરવાની ઈચ્છાથી સમુદ્ર માર્ગે જાય છે. ૫૦

સાર્થની સાથે સમુદ્ર માર્ગે જતા મહાવાયુનો ભયંકર ઉપદ્રવ થયો, આકાશમાં વિજળી અને મેઘના ભયંકર ગર્જારવ થવા લાગ્યા. ૫૧

સમુદ્રમાં મોટા મોટા મોજાઓ ઉછળવા લાગ્યા, વહાણ ભાંગી ગયું. આધાર વગરના લોકો સમુદ્રમાં પડી ગયા, ત્યારે સુધર્મા વણિક પણ ખૂબ જ વ્યગ્ર મન વાળો થઈને, સંકટમાં ધર્મનું જ શરણ હોય એવું સમજી ઉચ્ચ સ્વરે, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરે છે. ૫૨

નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી અને પાટિયું પકડવા માટે પ્રયત્ન કરે છે, એટલામાં મંગલ મગરમચ્છ ત્યાંથી નિકળ્યો, નમસ્કાર મહામંત્રના અવાજ સાંભળી એણે મનથી વિચાર્યું આ કોણ બોલે છે. ૫૩

આ મંત્ર તો મને આવડે છે, પાપનો નાશ કરનાર મંત્ર જે બોલે છે તે, મારા પૂર્વભવનો મિત્ર સુધર્મા શ્રાવક જ લાગે છે. ૫૪

પૂર્વભવના ધર્મિષ્ઠ મિત્રને આપત્તિમાં પડેલો જાણી તેને પોતાની પીઠ ઉપર બેસાડી, ધર્મને જાણનાર મંગલ મત્સ્યે સમુદ્ર કિનારે ઉતાર્યો. ૫૫

આમ ઉત્તમ પ્રકારની સાધર્મિકભક્તિ કરી, મંગલ મત્સ્યે કોઈ દ્વિપના જંગલમાં જઈ, શ્રી જિનેશ્વર દેવના ચરણકમળનું ધ્યાન કરવાપૂર્વક એકાન્તમાં અણસણ કર્યું. ૫૬

તે પુણ્યવાન નમસ્કાર મહામંત્રનું હૃદયમાં સ્મરણ કરતો, પોતાના પાપોની નિંદા ગ્રહા કરવાપૂર્વક અત્યંત પ્રશ્ચાતાપ કરતો હતો. ૫૭

પંદર દિવસ સુધી, સમતાપૂર્વક ક્ષુધા તુષાને સહન કરતા તેણે તિર્યંચભવમાં રહી દેવભવનું આયુષ્ય બાંધ્યું. ૫૮

અને આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ દેવલોકના પ્રથમ પ્રસ્તર વિભાગમાં, આવલિકા નામે વિમાનમાં ત્રીજા શ્રુંગાટકમાં, દિવ્યરૂપને ધારણ કરનાર, ક્ષણવારમાં દેવશય્યામાં જ્યોતિર્માલી નામે દેવ તરીકે ઉત્પન્ન થયો અને જ્યોતિમતિ દેવીનો સ્વામી બન્યો. ૫૯-૬૦

તે વિમાનના પૂર્વદેવની જેટલું તે નવો દેવ, ચાર પલ્યોપમનું આયુષ્ય પામ્યો. બે ઘડી માત્રમાં પોતાને લાયક શરીર પામી, દેવના આચાર પ્રમાણે પુસ્તકનું વાંચન વગેરે કરે છે. ૬૧

આ જ્યોતિર્માલી દેવ શાશ્વતી વાવડીઓમાં સ્નાન કરી, કાષાયિક ટુવાલ વડે શરીરને કોરૂં કરી, દિવ્ય રેશમી વસ્ત્રો અલંકારાદિ ધારણ કરે છે. ૬૨

પછી જ્યોતિર્માલી દેવે શાશ્વતી જિન મૂર્તિનું ઉલ્લાસથી પૂજન કર્યું, દ્રવ્ય પૂજા કર્યા પછી ચૈત્યવંદનાદિ વડે, પ્રભુ સન્મુખ ભાવ પૂજા પણ કરી. ૬૩

ત્યાર પછી લીલાપૂર્વક પોતાની દેવી સાથે દિવ્ય ભોગો ભોગવે છે. તે ગયેલા (વીતેલા) કાળને જાણતો નથી. ૬૪

હવે આ તરફ શ્રી જિનેશ્વર દેવે ફરમાવેલ ધર્મનું આરાધન કરી, સુધર્મા વણિક પણ આયુષ્ય પૂર્ણ કરી, શરીર છોડી એ જ પહેલા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. ૬૫

હવે તે સુધર્મ દેવ એક દિવસ પોતાના પૂર્વભવના સંબંધિ દેવની સ્થિતી અવધિજ્ઞાન વડે ઉપયોગ મૂકી જુએ છે. તો તે દેવની ઉત્પત્તિ પોતાની બાજુના જ વિમાનમાં રહેલી જુએ છે. ૬૬

પુષ્પાવકીર્ણ વિમાનમાં દેવની ઋદ્ધિથી તે બિરાજે છે. આ તરફ મંગલ દેવ પણ અવધિજ્ઞાન વડે મિત્રને જોઈ તેને મળવા જાય છે. ૬૭

સુધર્મ દેવ પણ મિત્રને આવતો જોઈ, તેને સામો આદરથી મળવા આવે છે, અને પૂર્વભવના સંબંધથી બન્ને દેવો એક બીજાને ભેટે છે. ૬૮

શાશ્વત તીર્થોની યાત્રાદિકમાં અને શ્રી જિનવાણી શ્રવણ વગેરેમાં, શુદ્ધ સમ્યક્ત્વશાળી બન્ને દેવો સાથે જ જઈ, (સુખપૂર્વક) પોતાનો સમય પસાર કરે છે. ૬૯

એટલામાં કોઈ લંપટદેવ ઈન્દ્રરાજની સચી નામે પટ્ટરાણીને ઉઠાવી દુર લઈ ગયો. આથી ઈન્દ્રે સેવક દેવોને તેને પાછી લઈ આવવા આજ્ઞા કરી. ૭૦

ઈન્દ્રાણીને ઉઠાવી તે દુષ્ટદેવ, અતિ ગાઢ અંધકારવાળી જગ્યા (સ્થાનમાં) લઈ ગયો. ઈન્દ્ર સેવકો સાથે મંગલ અને સુધર્મા દેવો પણ ગયા. ૭૧

છ મહિનાની મહેનતપૂર્ણ તપાસ કરી, દેવો ઈન્દ્રાણીને લઈ આવ્યા ત્યારબાદ સુધર્મા દેવ પણ, એકાએક અત્યંત વિષયી, લંપટ અને લોલૂપ બની ગયો. ૭૨

સુધર્મા દેવ પોતાની દેવી છોડીને મોહના ઉદયના કારણે કામાંધ થયો, લાજ-મર્યાદા છોડીને વેશ્યામાં આસક્ત થઈને, વેશ્યાના જ આવાસમાં હંમેશાં વસવા લાગ્યો. ૭૩

તેના આ દુષ્કૃત્યથી મનમાં અત્યંત દુઃખી થયેલી તેની સતી (શીલવતી) દેવી, પતિના મિત્ર મંગલ દેવને પતિના દુષ્કૃત્યની જાણ કરી. ૭૪

નિવેદન કર્યું કે આપના દુરાચારી મિત્રને આપ પ્રતિબોધ કરો, જેથી કરીને આપનો મિત્ર પોતાના ઘરમાં સ્વેચ્છાથી પાછો ફરે. ૭૫

આથી મંગલ દેવે, મધુર બોધદાયક વાણી વડે, પ્રતિબોધ પમાડી, પરમ મિત્ર એવા સુધર્મ દેવને પોતાના વિમાનમાં પાછો સ્વસ્થાને લાવ્યા. ૭૬

ત્યાર પછી સૌધર્મ દેવલોકમાંથી દેવનું આયુષ્ય પૂર્ણ થએથી, મંગલ દેવ પૂર્વ મહાવિદેહે પુષ્કલાવતી વિજયના વૈતાઢ્ય પર્વતની દક્ષિણ તરફ,- ૭૭

વેગાવતી મહાનગરીના રાજા સુવેગના ઘરે, પુણ્યના પ્રભાવથી વેગવાન નામે પુત્ર તરીકે જન્મ્યો. ૭૮

ધાવ માતાઓ વડે લાલન પાલન કરાતો કુંવર, શુક્લ પક્ષના ચન્દ્રની જેમ તેજસ્વી તથા સર્વ કળાઓમાં નિષ્ણાત થયો, તે યૌવન અવસ્થાને પામ્યો. ૭૯

મહા મહોત્સવ વડે પિતાજીએ પુત્રને સુંદર કન્યા સાથે પરણાવ્યો. વિદ્યાધર કુળમાં દિવ્ય ભોગ સુખને હંમેશાં ભોગવે છે. ૮૦

હંમેશાં ઉદ્યમી એવા કુમારે પોતાના કુળક્રમ પ્રમાણે સધાતી વિદ્યા સાધવા, સુંદર વૃક્ષોના ઝુંડમાં આવી નિર્ભય થઈ, સાવધાન પણે વિદ્યાની સાધનાની શરૂઆત કરી. ૮૧

જાપ સાથે તપમાં દરરોજ, એક મૂઠ્ઠિ બાફેલા અડદ અને ત્રણ કોગળા પાણી વાપરી, પવિત્ર બ્રહ્મચર્ય પૂર્વક. પંદર દિવસ સુધી હંમેશ મંત્ર જાપ કરતો રહ્યો. ૮૨

બીજા પખવાડીએ પણ એ જ પ્રમાણે તપ, પણ અડદ સ્થાને ભાત અને ત્રણ કોગળા પાણી. ત્યાર પછી એક મહિના સુધી સાથવા ને પાણી સાથે ત્રણ કોગળાનો તપ કર્યો. ૮૩

બે મહિના પછી બીજ મંત્રનો જાપ કરવા લાગ્યો. બાદ શાશ્વતાશ્રી
શેત્રુંજય ગિરિવર ઉપર આવી, - ૮૪

શ્રી આદિનાથ દાદા સમક્ષ અત્યંત હર્ષ ને ભક્તિ ભર્યા હૃદયે, બે મહાવિદ્યા
મંત્રને સાધવા લાગ્યો. ૮૫

વિદ્યાની સાધના સમયે યક્ષો, રાક્ષસો, પિશાચો ભૂતોના અનેક ઉપદ્રવોને,
ખૂબ જ સમતા સ્થિરતાપૂર્વક સહન કરવા લાગ્યો. ૮૬

પોતાની સાધનામાં વિદ્યા મંત્રોનો જરા પણ ડર અને વિક્ષેપ વગર, મનમાં
જાપ કરતો રહ્યો આથી આકરી પરીક્ષા પછી, મહાવિદ્યા દેવી ગૌરી અને
ગંધારી નામે તેની સામે પ્રત્યક્ષ પણે આવી સિદ્ધ થઈ. ૮૭

સાધના કરતા એવા તેના મહાન સત્વ અને પુણ્ય વડે, બન્ને પ્રત્યક્ષ આવી
વરદાન આપી વશ થઈ. ત્યાર બાદ સ્નાન કરી તેણે પ્રભુ આદીશ્વર દાદાની
દ્રવ્ય-ભાવ બન્ને પ્રકારે પૂજા કરી. ૮૮

પછી અનેક પવિત્ર તીર્થોની યાત્રા કરી વિદ્યા સિદ્ધ વેગવાન કુમાર પોતાના
ઘરે આવ્યો, અને સર્વ સ્વજન વડે ખૂબ સત્કાર કરાયેલો તે સુખેથી રહેવા
લાગ્યો. ૮૯

વિનય-વિવેક-ધૈર્ય અને ગાંભીર્યાદિ ગુણવાન અને લોકો વડે અત્યંત પ્રશંસા
પામેલા વેગવાન કુમારને તેના પિતાએ સુંદર મહોત્સવપૂર્વક યુવરાજ પદે
સ્થાપ્યો. ૯૦

અહિંથી મહાવિદેહ ક્ષેત્રમાં પશ્ચિમ દિશા તરફ, સુંદર ધનવતી નામની મહાન
વિજય રહેલી છે. ૯૧

તે વિજયમાં ધર્મ વ્યાપારથી પરિપૂર્ણ એવી તરંગિણી નામની નગરી છે, જે
દાનપ્રેમી અને ધન-ધાન્યથી સમૃધ્ધ લોકોથી યુક્ત છે. ૯૨

તે નગરીમાં અનેક શુભ લક્ષણવાળો ધનવાન ધનદેવ નામનો શ્રેષ્ઠી છે,
તેની ધનવતી નામે પ્રિયા છે, જે શીલ અને લાવણ્યથી વિભૂષીત છે. ૯૩

જેમ તેલનો ક્ષય થયેલા દિવાની જેમ, આયુષ્યનો ક્ષય થવાથી, દિવ્ય સુખનો
ઉપભોગ કરવાવાળો એવા પ્રકારનો સુધર્મા દેવ, સ્વર્ગમાંથી ચ્યવી પુત્રી

રૂપે પુણ્યશાળી ધનવતીની કુક્ષિમાં ઉત્પન્ન થયો, ગર્ભના પ્રભાવ વડે કરી ધનવતીએ, રાત્રે સ્વપ્નમાં ધનનું નિધાન જોયું. ૯૪-૯૫

સ્વપ્ન અનુસાર ગર્ભનો કાળ પરિપૂર્ણ થએ, હર્ષથી યુક્ત માતા ધનવતીએ પુત્રીને જન્મ આપ્યો અને હર્ષથી સ્વપ્ન અનુસાર એનું ધનમાલા એવું નામ પાડ્યું. ૯૬

ધાવમાતા વડે લાલન-પાલન કરતી પુત્રી મોટી થવા લાગી, અને યુવાન થતા સ્ત્રીની ૬૪ કળાઓ અનુક્રમે શીખી ગઈ. ૯૭

ગીત-નાટ્યાદિમાં પ્રવિણ, રૂપમાં અપ્સરા જેવી, વિણા વાદમાં સાક્ષાત્ સરસ્વતી જેવી એ ધનમાલા થઈ. ૯૮

એક દિવસ વેગવાન વિદ્યાધર કુમાર પોતાના નગરથી, પશ્ચિમ વૈતાઢ્યમાં આંનદપૂર્વક જઈ રહ્યો છે. ૯૯

વૈતાઢ્યની તળેટીમાં રહેલા વિદ્યાધરોને મળવા માટે જઈ રહ્યો છે. તે માર્ગમાં જે બન્યું તે સાંભળો. ૧૦૦

તરંગિણી પુરીમાં પોતાના મહેલની અગાશીમાં રહેલી ધનમાલાને જોઈ, રૂપમાં મોહ પામેલા વેગવાન કુમારે ગરૂડ (બાજ) પક્ષીની જેમ ૧૦૧

મેના જેવી ગભરૂ અને બચાવો-બચાવો બોલતી ધનમાલાને બળપૂર્વક ઉપાડીને, અત્યંત વેગથી ખુશી થયેલો વેગવાન પોતાના મહેલમાં લાવ્યો. ૧૦૨

વેગવાનની ઈચ્છા નહિ કરતી એવી ધનમાલા અન્ન અને જળ વગર રહેલી છે, વેગવાન કુમાર પણ તેની સામે બરાબર તેના જેવી ચેષ્ટા કરીને અન્ન અને જળ વગર રહ્યો. ૧૦૩

અને અંતરમાં અત્યંત દુઃખની વેદનાથી ભરેલા હૃદયવાળો વેગવાન મૌન રહે છે, ધીસખા નામના મંત્રીએ વેગવાનને આવો જોઈ એને સમજાવ્યો કે - ૧૦૪

શ્રી આદીશ્વર ભગવંતના સમયમાં જ્યારે વિદ્યાધર શ્રેણી ઉત્પન્ન થઈ ત્યારે, વિદ્યાધરના કલ્યાણ માટે ધરણેન્દ્રે વૈતાઢ્ય પર્વતમાં આ પ્રમાણે આજ્ઞા લખાવી હતી - કે ૧૦૫

રાગથી કે મમતાથી કોઈ પણ વિદ્યાધર કોઈ સ્ત્રી અથવા કન્યા ને, બલાત્કારે લઈ જઈને એની સાથે સંબંધ બાંધશે તો, તેની સમગ્ર વિદ્યા મૂળથી નાશ પામી જશે. ૧૦૬

માટે હે કુમાર ! હું તમને પ્રતિકુલ એવી ધનમાલા ઉપર, વિદ્યાવડે કરીને એવો ઉપાય કરીશ કે જેથી, એ હર્ષપૂર્વક તમારા ઉપર અનુરાગ વાળી થાય. ૧૦૭

ત્યાર બાદ બે મહિના વીતી ગયા પછી, ધનમાલા ખુશીથી વેગવાન ઉપર રાગવાળી બની, અને પોતાની ઈચ્છાપૂર્વક કુમાર સાથે તેણીએ પાણીગ્રહણ કર્યું. ૧૦૮

હવે રાજ્યની ચિંતા વગર બન્નેનો કાળ સુખેથી વ્યતીત થાય છે. અમુક સમય પછી પિતાએ કુળના ક્રમ પ્રમાણે પુત્રને (વેગવાનને) રાજ્ય ઉપર સ્થાપન કર્યો. ૧૦૯

ત્યાર બાદ વર્ષીદાન યુક્ત મહોત્સવ કરીને, પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરીને વૈરાગ્યવાન બનીને, રાજા સુવેગે ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરી. ૧૧૦

સામ-દામ આદિ ભેદોવડે પિતાએ સોંપેલા રાજ્યને વધારી, અને વેગવાન રાજા પ્રજાનું સુખેથી પાલન કરે છે. ૧૧૧

એક વખત કોઈ વિદ્યાધર પોતાના વિમાન દ્વારા આકાશમાં જઈ રહ્યો છે, અને ઝરૂખામાં ઉભેલી ધનમાલાને જોઈને ક્ષણવારમાં મોહ પામ્યો. ૧૧૨

રૂપ લાવણ્યથી અત્યંત મુગ્ધ થયેલો તે વિદ્યાધર, સુંદર વાર્તાવડે કરીને તેણીને છેતરીને ધનમાલાને પોતાના વિમાનમાં ઉપાડીને તરત જ પોતાના સ્થાને પાછો ગયો. ૧૧૩

રાજા વેગવાન ધનમાલાના વિરહથી અત્યંત દુઃખી થઈ, ધનમાલાની ચારે બાજુ તપાસ કરાવી. કોઈ પણ જગ્યાએ તેનો પત્તો લાગ્યો નહિ. ૧૧૪

વેગવાન રાજાએ ધીસખા મંત્રીને કહ્યું આપણી વિદ્યાદેવી દ્વારા જાણીને, ધનમાલાના સમાચાર જલ્દીથી મને કહો. ૧૧૫

મંત્રીએ શુધ્ધભાવથી એકાંત જગ્યામાં વિદ્યાને સાધી, આથી પ્રજ્ઞપ્તી વગેરે મહાવિદ્યાએ ધનમાલાના સમાચાર મંત્રીને આપ્યા કે તેણી ધનમાલા કુસંગમાં રક્ત બની ગઈ છે, હે ભાઈ! તું તેનું નામ છોડી દે. ૧૧૬

મંત્રીએ ભૂપાલને કહ્યું હે રાજવી વિદ્યા દેવીએ એમ કહ્યું કે તેણી અન્ય સંગવાળી બની ગઈ છે. ૧૧૭

માટે હે રાજન્! તેનો આગ્રહ છોડીને, શ્રી જિનેશ્વર પરમાત્માની સેવા કરો, કારણ કે તેણીનું મુખ જોવાથી તમને મહાપાપનું કારણ થશે. ૧૧૮

વેગવાન રાજાએ મંત્રીને કહ્યું ! હે મંત્રી ! મેં તેણીનું મારી જાત કરતા પણ વધારે રક્ષણ કર્યું હતું, તો પણ તેણી પરનારી બની, ખરેખર સ્ત્રીના ખરાબ જીવનને ધિક્કાર હો. ૧૧૯

હવે આ વાત જાણ્યા પછી રાજ્ય વગેરે વૈભવનો મોહ છોડી, વેગવાન રાજા વૈરાગી બન્યો અને ચારિત્ર લેવાની ઈચ્છાથી, ગુરૂના યોગની રાહ જોવા લાગ્યો. ૧૨૦

ત્યાર બાદ આકાશ માર્ગેથી ૫૦૦ શિષ્યની સાથે કેશી નામના મહામુનિ, બાહ્ય ઉદ્યાનમાં આવ્યા અને રહ્યા. ૧૨૧

નગરના લોકોની સાથે, હાથી, ઘોડા વગેરે તથા ઉત્તમ સામગ્રીપૂર્વક રાજા ગુરૂને વંદન કરવા માટે બહારના ઉદ્યાનમાં આવ્યા. ૧૨૨

વેગવાન વિદ્યાધર રાજા ગુરૂ મહારાજને નમસ્કાર કરીને પોતાના યોગ્ય સ્થાન પર બેઠા અને ગુરૂ મહારાજની મેઘના જેવા ગંભીર અવાજવાળી ધર્મદેશના સાંભળવા લાગ્યા. ૧૨૩

ગુરૂ મહારાજે જણાવ્યું કે સંસારમાં કોઈ જગ્યાએ જરા પણ સુખ નથી માત્ર સુખનો આભાસ જણાય છે, માટે સંસારને છોડીને શાશ્વત સુખને પ્રાપ્તકરો. ૧૨૪

ધર્મદેશના સાંભળી જેના ચિત્તમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, એવો વેગવાન રાજવી બે હાથ જોડી ગુરૂને પ્રાર્થના કરે છે. ૧૨૫

હે પ્રભો ! હું સંસારથી ઉદ્વેગ-વૈરાગ્ય પામેલો છું, માટે મને દીક્ષા આપી મારો ઉદ્ધાર કરો, મારા પુત્રને રાજ ગાદી પર સ્થાપન કરી હું આપની પાસે આવું છું. ૧૨૬

મારા ઉપર કૃપા કરી આપ અહિં સ્થિરતા કરજો, આ પ્રમાણે ગુરૂ ભગવંતને વિનંતી કરીને રાજા ખુશી થતો પોતાના ઘરે ગયો. ૧૨૭

ઉલ્લાસથી વર્ષીદાન આપીને, અઠ્ઠાઈ મહોત્સવ કરવાપૂર્વક, દીન જનને દાન આપવાપૂર્વક, પોતાનું રાજ્ય પુત્રને આપી. રાજા દીક્ષા લેવા જાય છે. ૧૨૮

ધીસખા મંત્રીની સાથે રાજા મહોત્સવપૂર્વક, ગુરૂ મહારાજની પાસે ઓચિત્યપૂર્વક આવીને હૃદયના ઉત્સાહપૂર્વક - ૧૨૯

વૈરાગ્ય અને ભાવપૂર્વક દિક્ષાને ગ્રહણ કરીને, ગુરૂના ચરણની સેવા કરી રહ્યો છે. અત્યંત દુષ્કર એવા પ્રકારના છઠ્ઠ-અઠ્ઠમાદિ વગેરે મોટા તપો જે દુઃખે કરીને આચરી શકાય એવા પ્રકારના મહાઘોર તપ કરે છે. ૧૩૦

આ પ્રમાણે ગુરૂદેવની નિશ્રામાં તેમની સેવા કરતા બન્ને મુનિઓ, (વેગવાન અને ધીસખા મંત્રી) ગુરૂની નિશ્રામાં આનંદપૂર્વક ઉત્તમ પ્રકારનું ચારિત્ર પાલન કરી રહ્યાં છે. ૧૩૧

આ તરફ ધનમાલાએ વેગવાન રાજાની દિક્ષા સાંભળીને અંતરમાં પ્રશ્ચાતાપ કરતી વિચાર કરવા લાગી કે, સ્ત્રીઓમાં હું અત્યંત મંદભાગ્યવાળી છું, બન્ને કુળને મેં કલંકિત કર્યા છે. ૧૩૨

ખેદપૂર્વક ! મેં પોતાના સ્વામીને છોડીને હું વ્યભિચારિણી બની, શું કરું ? ક્યાં જઈને કહું અને બીજાને મારૂં મુખ કેવી રીતે બતાવું. ૧૩૩

અત્યંત પ્રશ્ચાતાપ વડે કરીને સંસારથી ઉદ્વેગ પામેલી, ચિત્તમાં વૈરાગ્યને ધરતી અત્યંત દુઃખીત થયેલી એવી તેણીએ પોતાના બીજા પતિને છોડી, શુધ્ધ એવા પ્રકારના ચારિત્રને ગ્રહણ કર્યું. ૧૩૪

સાથે સાથે સંયમના રક્ષણ માટે તેણીએ મહાઘોર તપને આદર્યો, અને શુધ્ધભાવથી ગુરૂજનોની સુંદર વૈયાવચ્ચ કરી રહી છે. ૧૩૫

આ તરફ વેગવાન મુનિ સુંદર ચારિત્રનું પાલન કરી, ઉત્તમ સમાધિપૂર્વક કાળ કરીને આઠમાં (૮) દેવલોકના ઈન્દ્ર તરીકે ઉત્પન્ન થયા. ૧૩૬

ત્યાં રહીને તે દેવોનું સ્વામીપણું સારી રીતે કરી રહ્યાં છે, તેમની સાથેના ધીસખા મંત્રી મુનિ પણ આયુષ્ય પૂર્ણ કરી કાળધર્મ પામી. (૮) આઠમા સ્વર્ગના ઈન્દ્રના સામાનિક દેવ તરીકે ઉત્પન્ન થયા. ૧૩૭

આ બાજુ ઉત્તમ એવી ધનમાલા સાધ્વી પણ, ઉત્તમ આરાધના અને ભાવનાના પ્રભાવે પૂર્વના પુણ્ય પ્રભાવથી, ૮મા સ્વર્ગે સામાનિક દેવ તરીકે ઉત્પન્ન થઈ. ૧૩૮

ત્રણે દેવો એક સાથે (આઠમાં દેવલોકમાં) ઉત્પન્ન થયા અને, પરસ્પર હાર્દિક પ્રેમથી યુક્ત શાશ્વતા તીર્થોનું દર્શન વંદન કરે છે. ૧૩૯

અને ત્રણે જણા હંમેશા સાથે રહીને તીર્થ યાત્રાદિ કરે છે, અને જિનેશ્વરની વાણી સાંભળવા પણ સમયસર ત્રણે સાથે જાય છે, એમનો સમય પસાર થાય છે. ૧૪૦

મગધ દેશના ગુબ્બર ગામમાં વસુભૂતિ નામનો બ્રાહ્મણ વસતો હતો, પતિની આજ્ઞા માનવાવાળી પૃથ્વી નામની તેની ધર્મપત્ની હતી. ૧૪૧

એ પૃથ્વી દેવીની કુક્ષિમાં વેગવાન દેવતા (૮માં દેવલોકનો ઈન્દ્ર વેગવાન) ચ્યવીને પુત્ર તરીકે ઉત્પન્ન થયો, પિતાજીએ મહોત્સવપૂર્વક પુત્રનું ઈન્દ્રભૂતિ નામ સ્થાપન કર્યું. ૧૪૨

સુસંવર નામના શહેરને વિશે. સિધ્ધ નામનો રાજવી રાજ્ય કરે છે, શીલથી સુશોભિત એવી સમૃધ્ધિ નામની રાણી છે. ૧૪૩

આઠમાં દેવલોકમાંથી ધનમાલાનો જીવ સમૃધ્ધિ માતાની કુક્ષિમાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો, અને રાજાએ મહોત્સવપૂર્વક સ્કંદક નામ સ્થાપન કર્યું. ૧૪૪

હવે આ તરફ ચંપક નામના ગામમાં તિલક નામનો શ્રેષ્ઠી વસે છે, તેની નામ પ્રમાણે ગુણવાળી શીલવતી નામની ધર્મપત્ની છે. ૧૪૫

ધીસખા મંત્રીનો જીવ આઠમાં દેવલોકમાંથી ચ્યવીને શીલવતી માતાની કુક્ષિમાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો અને ઉત્સવપૂર્વક માતાપિતાએ પુત્રનું પિંગલ નામ સ્થાપન કર્યું. ૧૪૬

બુધ્ધિમાન એવા પ્રકારનો ઈન્દ્રભૂતિ, ગુરૂના મુખેથી વેદો વગેરેનું અધ્યયન કરે છે અને ભણીને મહાવિદ્વાન થયો. ૧૪૭

આ ત્રણે કુમારો ધીમે ધીમે યૌવન અવસ્થા પામ્યા, માતા-પિતાએ ઉત્તમ
અને સુંદર કન્યાઓ સાથે પાણીગ્રહણ કરાવ્યું. ૧૪૮

આ તરફ ઈન્દ્રભૂતિ પંડિત વિધિપૂર્વક યજ્ઞ કાર્યો કરાવે છે, અને પોતાને સર્વજ્ઞ
માને છે. ૧૪૯

આમ ને આમ ઘણો કાળ પસાર થયો. એક વખત વેદ પારંગત ઈન્દ્રભૂતિ
વેદના પદનો સાચો અર્થ શ્રી જિનેશ્વર મહાવીર સ્વામીના મુખેથી સાંભળી ૧૫૦

તેમના શિષ્ય તરીકે પ્રથમ ગણધર બન્યા, અને પિંગલ પણ ભગવંતની
દેશના સાંભળી વૈરાગ્યથી વાસિત થયો. ૧૫૧

ભગવંતની પાસે દિક્ષા ગ્રહણ કરીને તપ તપતો, દ્વાદશાંગીનું અધ્યયન
કરીને વિદ્વાન મહામુનિ તરીકે પિંગલ થયો. ૧૫૨

આ તરફ મહાન્ ગર્દભિલ્લ નામના પરિવ્રાજક (તાપસ)ની પાસે વૈરાગ્યથી
સ્કંદકે દિક્ષા લઈ, પરિવ્રાજક બન્યો અને વનમાં સાધના કરવા લાગ્યો. ૧૫૩

અનુક્રમે એક વખતે વિદ્વાન પિંગલ મુનિ વિહાર કરતાં કરતાં સ્કંદકના
આશ્રમમાં ગયા, અને પૂર્વના સ્નેહને વશ થઈને સ્કંદકને જીવાદિ ઉત્તમ
તત્વોની પૃચ્છા કરી. ૧૫૪

પરંતુ તાપસ (સ્કંદક) કોઈ જાતનો ઉત્તર આપી શકતો નથી, અને પિંગલ
મુનિના પ્રશ્ન વડે કરીને શંકાશીલ બનીને પોતાની શંકાનું નિરાકરણ કરવા
માટે, શ્રી મહાવીર જિનેશ્વરની પાસે બન્ને (પિંગલ મુનિ - સ્કંદક તાપસ)
આવ્યા. ૧૫૫

કરૂણાના સાગર ભગવાન મહાવીરે ઈન્દ્રભૂતિને કહ્યું ! હે ગૌતમ, તારા બન્ને
મિત્રો (સહચારી) પોતાની ઈચ્છાથી આવી રહ્યાં છે. ૧૫૬

ભગવાનની વાણી સાંભળીને ગૌતમ સ્વામી સ્કંદકની સામે જઈ સ્વાગત
કરીને, તેમને ભગવાન મહાવીરની પાસે લઈ આવ્યા. ૧૫૭

પરમાત્મા મહાવીરે પોતાના જ્ઞાન વડે કરીને (સ્કંદક) તેમની શંકાને દુર
કરી. આથી સ્કંદક તાપસે પરિવ્રાજકપણું છોડીને ભગવાનની પાસે જૈન
દિક્ષાને ગ્રહણ કરી. ૧૫૮

આ પ્રમાણે શ્રી ગૌતમ સ્વામીના પૂર્વભવો જણાવનારા આ ચરિત્રની રાજનગરમાં ભક્તિથી સંસ્કૃત ભાષામાં મેં રચના કરી છે. ૧૫૯

રાજનગરમાં ઉજમફોઈની ધર્મશાળામાં, મહાવીર સ્વામીના દહેરાસરની બાજુમાં વીર નિર્વાણ-૨૪૮૭ ની સાલમાં. ૧૬૦

વિક્રમ સંવત ૨૦૧૭ માગસર સુદિ બીજના દિવસે શનિવારે, ત્રૈલોક્ય સાગર નામના મુનિએ આ ચરિત્રની રચના કરી છે. ૧૬૧

આગમોના ઉદ્ધાર કરવામાં કર્મઠ, આગમ મંદિરના કર્તા, અને સૂરિઓમાં મુખ્ય એવા સાગરાનંદસૂરિ થયા. ૧૬૨

તેમના ઉપાધ્યાય પદ ધારક, જ્ઞાન-ધ્યાનમાં હંમેશાં તત્પર, બુધ્ધિમાન ક્ષમાસાગર નામના ગણી થયા. ૧૬૩

એના ચરણરૂપીકમળમાં ભ્રમર સમાન એવા મેં, આ ચરિત્ર ભક્તિથી બનાવ્યું છે. આ રચનામાં આગમ વિરૂદ્ધ કદાચ જે કાંઈ બાબત હોય તેને માટે આચાર્યો-પંડિતો મને ક્ષમા કરે. હું મિથ્યાદુષ્કૃત માંગી લઉં છું. ૧૬૪

આ ગ્રન્થનું સંશોધન **સાગરાનંદસૂરીશ્વરજી**ના પંન્યાસ પદથી વિભૂષીત પ્રથમ શિષ્ય **વિજયસાગર મુનિ** કે ૧૬૫

જે મારા ગુરૂ ભાઈ થાય, તેમના ચરણ કમળમાં ભ્રમરસમાન **પ્રમોદસાગર મુનિ**એ આ ચરિત્રનું સંશોધન કર્યું છે. ૧૬૬


---

આ પુસ્તકની પ્રેસ કોપી સા. **શ્રી જયલતાશ્રીજી મ.** (બહેન મ.) ના પ્રિય સા. **શ્રી વિશ્વમિત્રાશ્રીજી મ.** સાહેબે તૈયાર કરી છે.

**શુભં ભવતું શ્રી શ્રમણસંઘસ્ય.**

આ. કનકરત્નસૂરી

# પૂ. આ. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ.સા.



વિ.સં. ૨૦૫૯ના શ્રી ચંદ્રપ્રભ સ્વામી
જિનાલય - પ્રાર્થના સમાજ
ચાતુર્માસમાં પૂજ્ય ગુરૂદેવના આદેશથી
શ્રી ગૌતમ સ્વામીના પૂર્વભવોનું
પ્રકાશન કરવામાં આવેલ છે.

# ગુરુ ગુણ સ્તુતિ

## શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય - પ્રાર્થના સમાજ

અમારી આગ્રહભરી વિનંતીનો સ્વિકાર કરી વિ.સં. ૨૦૫૯ના ચાતુર્માસાર્થે ૩૨ વર્ષો પછી યુગદિવાકર પ.પૂ. આ. દે. શ્રી વિજય **ધર્મસૂરીશ્વરજી** મ.સા.ના સમુદાયના પ્રથમવાર પધારેલા પરમ ઉપકારી ગુરુદેવ પ.પૂ.આ.દે. શ્રી વિજય **કનકરત્નસૂરીશ્વરજી** મ.સા. આદિ ઠાણાને કોટિ કોટિ વંદના. જ્ઞાન ગંગાની સરિતા વહેવડાવનારા અને ઉત્તમ કોટિની આરાધના સાથે સફળ ચાતુર્માસ કરાવનારા ગુરુદેવની શ્રી સંઘ તથા ટ્રસ્ટ બોર્ડ ખુબ ખુબ અનુમોદના કરે છે.

આ પુસ્તિકાના પ્રકાશન માટે અમોને જે લાભ આપ્યો છે તે બદલ અમો આપના ઋણી છીએ.

લિ.

**શેઠ વાડીલાલ સારાભાઈ દહેરાસરજી ટ્રસ્ટના ટ્રસ્ટીગણ**

**શ્રી પુષ્પસેનભાઈ જવેરી**

**શ્રી ગિરીશભાઈ શાહ** — **શ્રી વિલાસભાઈ શાહ**

**શ્રી જવાહરભાઈ શાહ** — **શ્રી જયંતભાઈ જવેરી**

**શ્રી ચંદ્રપ્રભ સ્વામી જૈન સંઘ પ્રાર્થના સમાજના આરાધકો તથા અન્ય ગુરુભક્તોની ભાવભરી વંદના.**

મુદ્રક - પ્રકાશક

**શેઠ વાડીલાલ સારાભાઈ દહેરાસરજી ટ્રસ્ટ**

**શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય**

પ્રાર્થના સમાજ, ૧ ... ય રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦ ...

ટે.નં. ૨૩૮૨ ૭૧ ...

Serving JinShasan

137471

gyanmandir@kobatirth.org

જયંત પ્રિન્ટરી, મુંબઈ-૨. ફોન : ૨૨૦૫ ૭૧ ૭૧